# 15 ધરતીકંપ

**ધરતીકંપ**

ધરતીકંપને ભૂકંપ પણ કહેવાય છે. કુદરતી રીતે જે આપત્તિઓ સર્જાય છે તે ઘણી વખત વિનાશકારી હોય છે. તેમાં પારાવાર નુકસાન થાય છે. પૃથ્વીના પેટાળમાં થતા ફરેફારને લીધે જમીનના પડો એકબીજા પર ખસે છે. ત્યારે ધરતી ઉપર સતત કંપન થાય છે. આ ઘટના માટે વિદ્યાર્થીઓએ આપત્તિ અને વ્યવસ્થાપનમાં પ્રાથમિક સારવાર નિયમોનો ખ્યાલ રાખવો જોઈએ.

(1) કુદરતી આપત્તિ સમયે મદદ મળી રહે તે માટેના અગત્યના ફોન નંબરો બાળકો ઉપયોગ કરતાં શીખે.

(2) પોતાની સગવડ માટેનો સામાન હાથવગો રાખવો.

(3) દીવાલ ઉપરના અરીસા, બારીના કાચ, લાઈટ તથા ઈજા પહોંચાડે તેવો સામાન દૂર રાખો.

**આટલું ના કરો**

(1) શાળા કે દીવાલોની છતમાં તિરાડ રહેવા દેશો નહિ. (2) શાળા કે ઘરમાં ઊંચી જગ્યાએ ભારે સામાન રાખશો નહિ. (3) જંતુનાશક દવા, એસિડ, ફિનાઈલ ઊંચી જગ્યાએ મૂકશો નહિ. (4) આફતમાં આશ્રય માટેનાં સાધનો હાથવગા રાખવા.


**ધરતીકંપ દરમિયાન દરેકે અનુસરવું જોઈએ**

(1) સ્વસ્થ રહેવું. (2) બહાર નીકળતી વખતે દાદરનો ઉપયોગ કરવો. (3) મજબૂત ટેબલ, બૅગ, પલંગનો આશ્રય લો. (4) મોટા અવાજે મદદની બૂમ મારવી. (5) સળગતી વસ્તુ તરત ઓલવવી. (6) કૂતુહલને વશમાં રાખવું. (7) મકાનમાંથી નીકળી જવું. (8) ખોટી દોડાદોડી, બૂમાબૂમ ન કરવી. (9) નજીકની ખુલ્લી જગ્યાઓમાં જતા રહેવું.


**ધરતીકંપ બાદ**

(1) નાના આંચકાઓ માટે તૈયાર રહેવું. (2) ઈજાગ્રસ્તને મદદ કરવી જોઈએ. (3) અપંગો, સગર્ભા માતાની સંભાળ લેવી. (4) મજબૂત બાંધકામ ભૂકંપપ્રૂફ તૈયાર કરવું. (5) અફવાઓ ફેલાવવી નહિ.

ધરતીકંપમાં રાહત માટે આ સાથે દર્શાવેલ ચિત્રોનો અભ્યાસ કરી, યોગ્ય અમલ કરવો.



મારા ડેસ્ક/ બેન્ચ પર કામ કરતો હોઉં ત્યારે તરત
જ નીચા નમી માથું ઢાંકી ડેસ્ક/ બેન્ચ નીચે
ડેસ્ક/ બેન્ચને પકડી રાખવાનું કહેવામાં આવ્યું છે.




ઓરડામાં હોઈએ ત્યારે સલામત ખૂણામાં માથું ઢાંકીને બેસી જવું.



આપત્તિ થાય તો આપણને મદદરૂપ થાય તેવો પુરવઠો આપણી સાથે રાખી શકીએ છીએ. આપત્તિ પુરવઠો કીટ આજથી જ બનાવી રાખો.



તમે ગમે ત્યાં હો અને ધરતી ધ્રૂજવા લાગે ત્યારે



તમારી પર પડતી અથવા તૂટતી વસ્તુઓ તમારા માટે સૌથી વધુ જોખમરૂપ નીવડી શકે છે.

•••